# પાલનપુરમાં રેલવે પચાસ ક્વાર્ટર્સ નજીક રસ્તાના અભાવે
# અર્થી કુદાવીને લઈ જવી પડી

## રેલવે પચાસ ક્વાર્ટસમાં રસ્તાના મુદ્દે રહિશોએ અગાઉ પણ ધરણાં કર્યા હતા

પાલનપુર

પાલનપુર રેલવે પચાસ કવાર્ટસ નજીક રહેતા રહિશોને તેમના મકાનો આગળ રસ્તો ન હોવાથી પારાવાર મુસ્કેલીઓ અનુભવવી પડી છે. જ્યાં ધૂળેટીના દિવસે એક વ્યકિતનું નિધન થતાં તેમની નનામી દિવાલ કુદાવીને લઈ જવી પડી હતી. રસ્તાના મુદ્દે અગાઉ પણ આ રહિશોએ ધરણાં સહિત જિલ્લા કલેકટરને રજૂઆત કરી ચૂકયા છે. પરંતુ પ્રશ્નનો કોઈ ઉકેલ આવતો નથી.



પાલનપુર રેલવે પચાસ કવાર્ટસ નજીક રહેતા પરિવારોને અવર – જવર માટે રસ્તો ન હોવાથી પારાવાર મુસ્કેલીઓ ભોગવી રહ્યા છે. જેમાં પણ કોઈ સ્વજન બિમાર થાય તો હોસ્પિટલમાં લઈ જવા માટે કે સ્વજનનું નિધન થાય તો તેમની નનામી પણ નીકાળી શકાતી નથી. આ અંગે અવાર નવાર તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે. કલેકટર કચેરી આગળ ધરણાં પણ કરવામાં આવ્યા હતા. પરંતુ પ્રશ્નનો કોઈ ઉકેલ આવ્યો નથી. આવી સ્થિતિમાં ધૂળેટીના દિવસે એક વ્યકિતનું નિધન થયું હતુ. જેમના પરિવારજનો, સગા- સબંધીઓ એકત્ર થયા હતા. જોકે, નનામી કેવી રીતે કાઢવી તે પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. બધાએ ભેગા મળી નનામી ઉપાડી આંગણા સુધી લાવ્યા હતા. અને ત્યાંથી દિવાલ કુદાડીને બીજી તરફ નનામી લઈ જવામાં આવી હતી. આ અંગે સ્થાનિક રહિશોએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતુ કે, તંત્ર સમક્ષ અવાર-નવાર રજૂઆતો કરી હોવા છતાં અમારૂ કોઈ સાંભળતું નથી.

## પાલનપુર રેલવે પચાસ કવાર્ટસ વિસ્તારમાં ટાંકીની પાણીમાં ડૂબી જતાં બાળકનું મોત

### તંત્ર પહોચ્યું પરંતુ રસ્તો ન હોવાથી બાળકને ન બચાવી શક્યું





પાલનપુર

પાલનપુર રેલવે પચાસ કવાર્ટસ વિસ્તારમાં રહેતા પરિવારનો એક છ વર્ષિય બાળક શનિવારે પાણીની ટાંકીમાં પડી ગયો હતો. ઘટનાની જાણ થતાં વહિવટીતંત્રના અધિકારીઓ ત્યાં દોડી ગયા હતા. પરંતુ ત્યાં જવાનો રસ્તો ન હોવાથી તાત્કાલિક સારવાર આપવામાં વિલંબ થતાં માસુમ બાળકને બચાવી શકાયો ન હતો.

પાલનપુરમાં અરેરાટી પ્રસરાવનારી ઘટનાની વિગતો એવી છે કે, મુળ રાજસ્થાનના સુમેરપુર ગામના વતની અને વર્તમાન સમયે પાલનપુર પચાસ કવાર્ટસ અંબિકાનગર વિસ્તારમાં રહેતા શ્રવણભાઈ બારોટનો છ વર્ષિય પૂત્ર દિપક શનિવારે સાંજના સુમારે રમતાં – રમતાં અચાનક પાણી ભરેલી ટાંકીમાં પડી ગયો હતો. આ અંગેની જાણ થતાં પરિવારજનો તેમજ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. અને બાળકને બહાર કાઢયો હતો. બીજી તરફ તંત્રના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. જોકે, આ વિસ્તારમાં જવા માટે રસ્તો ન હોવાથી દિપકને તાત્કાલિક સારવાર આપી શકાઈ ન હતી. જેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યો હતો. જ્યાં પરિવારજનોના હૈયાફાટ રૂદનથી શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રેલવે પચાસ કવાર્ટસના આ વિસ્તારમાં રસ્તો ન હોવાથી બે દિવસ અગાઉ એક વ્યકિતની નનામી પણ દિવાલ કુદાવીને લઈ જવી પડી હતી. ત્યારે શનિવારે રસ્તાને અભાવે પાણીમાં ડૂબેલા બાળકને તંત્ર બચાવી શકયું ન હતુ. આ અંગે તંત્ર દ્વારા ગંભીરતા દાખવી સત્વરે રસ્તાનો પ્રશ્ન હલ કરવામાં આવે તેવી આ વિસ્તારના પ્રજાજનોની માંગ છે.

## થરા બસસ્ટેશનના બોર્ડને આચારસંહિતા નડી?? જાહેર ખબરના બેનરો ક્યાંથી આવ્યા??

### અચાનક 'થરા બસસ્ટેન્ડ'નુ બોર્ડ ગાયબ થતાં મુસાફરોને હાલાકી - કયુ ગામ આવ્યુ??

થરા, તા.૨૫

કાંકરેજ તાલુકાના થરા નગરમાં રખડતા ગાયો આખલાના આંતક અને ટ્રાફિકનીં વિકટ સમસ્યા વચ્ચે થરા બસસ્ટેન્ડનું બોર્ડ અચાનક ગાયબ થતા તેમજ જાહેરાત કંપનીના અનેક બેનેરો ચોટતા લોકોએ આશ્ચર્ય સાથે સાથે એકબીજાને પૂછતા હતા કે શું 'થરા બસસ્ટેન્ડ' દિશા સુચક બોર્ડને આચારસંહિતા નડે ખરી? શું ચૂંટણી પંચના દિશા સુચનથી આ બોર્ડ ઊતર્યું છે. ત્યારે તેના બદલે ચિત્રા એડ કંપનીના બેનેરોને આચાર સંહિતા ના નડે આવી કેટલાક ગ્રામ્ય મુસાફરો ચર્ચા કરતા જોવા મળી રહ્યા છે. એક કરોડના ખર્ચે એસ. ટી. નિગમે થરા બસસ્ટેન્ડ બનાવ્યું ત્યારથી સૌરાષ્ટ્રનીં તમામ બસ તથા ચાલીસ વર્ષ જૂની બસો બંધ કરી દેવામાં આવી આવી છે. ટોલનાકા દીઠ મુસાફરો પાસેથી ટિકિટ રૂપિયા પાંચ વસૂલ કરાય છે. ને દેશ રાજ્યમાં મેટ્રો બુલેટ ટ્રેનની વિકાસગતિ વચ્ચે થરા કાંકરેજ વિસ્તારમાંથી લોકોને મળતી સામાન્ય એસ. ટી. બસનીં સુવિધાઓ કેમ છીનવી લેવામાં આવી છે. લોક સભામા આચાર સંહિતા અમલી બન્યાથી રાજકીય બેનેરો પોસ્ટરો તંત્રએ હટાવ્યા પરંતુ થરા બસસ્ટેશનનું બોર્ડ કોને હટાવ્યું ને જાહેરાત કંપનીના અચાનક પોસ્ટરો લાગ્યા તે વિષય દરરોજ બસ સ્ટેશનમાં ચર્ચાઓ થાય છે.




શાળા કોલેજોની પરીક્ષા શરૂ થયેલ છે. ત્યારે કંટ્રોલ પોઈન્ટમાં એસ ટી પાસ સુવિધા પણ બંધ કરેલ છે. ઠેર ઠેર ગંદકી રખડતી ગાયો આખલાને ખાનગી વાહનોનીં ઝપટમાં મુસાફરો મુશ્કેલીમાં મૂકાય છે. ત્યારે દિયોદર ડેપો મેનેજર તથા વિભાગીય અધિકારીઓ થરા બસ સ્ટેશનમાં મુસાફરોને પડતી મુશ્કેલી જોવા પધારે તેવી પ્રજાની માંગ છે. થરા બસ સ્ટેન્ડનું બોર્ડ કોણે ગાયબ કર્યુ તે જાણવા માંગશે કે નહિ?

## મોડાસાના અમલાઈ ગામે પીવાના બુંદ બુંદ પાણી માટે તરસતા પ્રજાજનો



મોડાસા, તા. ૨૫

ગત ચોમાસે અપૂરતા વરસાદ પડતા અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તળાવ ખાલીખમ રહેતા અને કુવા અને બોરના તળ નીચે ઉતરતા ઉનાળાની શરૂઆતમાં જ અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણી માટે રઝળપાટ કરવાનો વારો આવ્યો છે. મોડાસાથી ૧૦ કિલોમીટર દૂર આવેલા અમલાઈ ગામે પીવાના પાણી માટે મહિલાઓને બે ત્રણ કિલોમીટરનો રઝળપાટ કરવો પડી રહ્યો છે.

અરવલ્લી જીલ્લામાં અંતરિયાળ વિસ્તારોમાં અને છેવાડાના વિસ્તારો સુધી પીવાના પાણી પહોંચાડવા એસકે ટુ યોજના અંતર્ગત પાઈપલાઈનથી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે પરંતુ કેટલાક વિસ્તારો હજુ પણ પાણી વિના ટળવળી રહ્યા છે.

મોડાસા તાલુકાના અમલાઈ ગામ વર્ષોથી ઉનળામાં પાણી માટે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યું છે. મહદંશે ખેતમજૂરી, પશુપાલન અને રોજમદાર તરીકે જીવન નિર્વાહ ગ્રામજનો ચાલવી રહ્યા છે. ગત ચોમાસામાં અપૂરતા વરસાદે ઉનાળાના પ્રારંભે જ પાણીની તંગી સર્જાતા ગામની મહિલાઓની સવાર પાણીના કળકળાટથી થાય છે. મહિલાઓ ખેતમજૂરી કે અન્ય જગ્યાએ કામકાજ અર્થે જતા પહેલા પીવાના પાણી માટેના એક એક બેડાં માટે બે થી ત્રણ કિલોમીટર ભટકવું પડે છે. ગામમાં હેન્ડપમ્પ હોવા છતાં પાણી ના આવતા પશુઓને પાણી કઈ રીતે પીવડાવવું એ યક્ષ પ્રશ્ન સર્જાયો છે અને પશુઓને પાણી વગર તડપતા જોઈ ન શકતા વેચવા મજબુર બન્યા છે. ગ્રામજનોએ સરપંચ સામે પણ રોષ વ્યક્ત કરી સરપંચ તેમની વાત કાને ના ધરતા હોય તો તંત્ર તો ક્યાંથી સાંભળવાનું હતું..?

## ખાડામાં વાહનો ખાબકી રહ્યા છે : તંત્ર ઊંઘમાં





ધાનેરા તાલુકા ના રૂણી ગામે વરસાદી પૂર માં રોડ ધોવાયાંઓ હતો અને રોડ ની બાજુમાં મોટો ખાડો પડ્યો હતો. આ ખાડામાં વારંવાર લોકો અને વાહનો પડી રહ્યા છે આ બાબતે તંત્ર રજૂઆત કરવામાં આવી રહી છે છતાં પણ કોઈ જ ઉકેલ ન આવતા લોકો માં ભારે નારાજગી નો માહોલ જોવા મળી રહી છે

વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭ માં ધાનેરા સહીત બનાસકાંઠા વિસ્તાર માં કુદરતે કહેર વરસાવ્યો હતો જેમાં લોકો ની સાથે સાથે અસન્ખ્ય પશુઓ પણ મોતને ભેટ્યા હતા તો બીજી તરફ રોડ રસ્તા પણ ધોવાઈ જવા પામ્યા હતા ત્યારે આ વાત ને વર્ષો ના વાણા વીતી ગયા છતાં પણ કેટલીક જગ્યા ઉપર સમારકામ ન થતા વાહન ચાલકો ને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે અને આ ખાડા માં અનેક વખત અબોલ પશુ માણશો તેમજ વાહનો પડી રહ્યા છે અને અકસ્માત સર્જાઈ રહ્યા છે છતાં પણ તંત્ર ની આંખ ખુલતી નથી ગામના સરપંચ ધ્વરા આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજૂઆત પણ કરવામાં આવી છતાં પણ કોઈ કાર્યવાહી ન થતા લોકો માં ભારે નારાજગી જોવા મળી રહી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ છે કે પછી કોઈ મોટી હેનારત ની રાહ જુએ છે તેતો સમય જ બતાવશે

## સાબરકાંઠા લોકસભા બેઠક માટે કોંગ્રેસમાં ઉમેદવારને લઈને કોકડું બરાબરનું ગૂંચવાયું

સાબરકાંઠા લોકસભા બેઠક પર છેલ્લા દસ વર્ષથી ભાજપનો દબદબો છે. દાંતા અને વડગામ વિસ્તાર સાબરકાંઠા લોકસભા બેઠકમાં હતો તે સમયે સાબરકાંઠા લોકસભા બેઠક કોંગ્રેસનો ગઢ હતો. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપે સાંસદ દીપસિંહ રાઠોડને રિપીટ કરાયા છે. બીજી બાજુ કોંગ્રેસમાં લોકસભાની ટિકિટને લઈને ભારે ધમાસાણ મચ્યું છે. દિલ્હીમાં બેઠકોના દોર પર દોર ચાલી રહ્યા છે.



ચૂંટણી લડવા માંગતા ત્રણ ધારાસભ્યો અને પૂર્વ ધારાસભ્ય એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. બંને જીલ્લાના કોંગ્રેસના કાર્યકરોમાં પણ ભારે સસ્પેન્સ જોવા મળી રહ્યો છે. ઉમેદવારને લઈને સાબરકાંઠા લોકસભા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર હાઈકમાન્ડ માટે માથાનો દુખાવા સાથે જાતિગત સમીકરણોને ધ્યાનમાં રાખી ઉમેદવાર પસંદગી માટે ભારે અવઢવમાં મુકાઈ છે.

બનાસકાંઠા અને પાટણમાં ક્ષત્રિય-ઠાકોર ઉમેદવારને ટિકિટ ફાળવાય તો સાબરકાંઠા લોકસભા પર પાટીદાર કે પટેલ જ્ઞાતિના ઉમેદવારની પસંદગી થઈ શકે છે. ક્ષત્રિય-ઠાકોર સેનાએ ઉત્તર ગુજરાતમાં તમામ બેઠકો પર ક્ષત્રિય-ઠાકોર સેનાના ઉમેદવારનેજ ટિકીટ આપવાની માંગ કરી રહ્યું છે. મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરનું નામ ટિકિટના દાવેદારમાં અગ્રેસર હોવાનું તેમના નિકટના વ્યક્તિઓએ જણાવ્યું હતું.

સાબરકાંઠા લોકસભા બેઠક પરથી ઉમેદવાર તરીકે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ, પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, કમલેશ પટેલ, અરુણભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ કુંપાવત, ડાહ્યાભાઈ પટેલ સહિતના ઉમેદવારોએ ટિકિટના જંગમાં જંપલાવ્યું છે.

સાબરકાંઠા લોકસભા બેઠકમાં ૫.૫ લાખ ક્ષત્રિય મતદારો, ૩.૫ લાખ આદિવાસી મતદારો અને એસસી અને મુસ્લિમ મતદારોની સંખ્યા વધુ હોવાથી કોંગ્રેસમાં લોકસભાની ચૂંટણી લડવા મુરતિયા થનગની રહ્યા છે અને તેમના રાજકીય ગોડફાધરની ચરણે પહોંચ્યા છે.

લોકસભા નહિ લડવાનું કહી ચૂકેલા ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર અને જગદીશ ઠાકોર બંનેએ છેલ્લી ઘડીએ ટિકિટની માંગણી કરતાં જો જગદીશ ઠાકોરને પાટણ કે બનાસકાંઠાની ટિકીટ ફાળવાય તો અલ્પેશ ઠાકોર સાબરકાંઠા બેઠક પરથી તેમના નિકટના સાથી ધવલસિંહ ઝાલાને ટિકીટ આપવા કોંગ્રેસ હાઈ કમાન્ડનું નાક દબાવી શકે તેવી ચર્ચા રાજકીય વિશ્લેષકોમાં ચાલી રહી છે.

## વણઘોલમાં સામાન્ય બોલાચાલી થતા ચારને ઈજા

હિંમતનગર, તા. ૨૫

વિજયનગર તાલુકાના વણઘોલ ગામે થોડા દિવસ અગાઉ સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં ચાર જણાએ ચાર જણા પર હુમલો કરી ઈજા પહોંચાડતા રવિવારે મામલો વિજયનગર પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો.

આ અંગે વણઘોલના મરીયમબેન સોજાજી કટારાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૨૧ માર્ચના રોજ ગામના જ બચુબેન હક્સીભાઈ ખરાડી, જિજ્ઞેશભાઈ હીરાજી ખરાડી, જસપાલકુમાર હક્સીભાઈ ખરાડી, જસપાલકુમાર હક્સીભાઈ ખરાડી તથા કિરણકુમાર હિરાજી ખરાડીએ ભેગા મળી અગમ્ય કારણોસર મરીયમબેનના પુત્ર મયુરને ગાળો બોલતા તેમને ગાળો બોલવાની ના પાડી હતી. જેથી બચુબેન ખરાડીએ મરીયમબેન પર લાકડીથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. તથા જિજ્ઞેશભાઈ ખરાડીએ પણ મયુરને મોઢા પર લાકડીઓ મારી હતી તથા જસપાલકુમાર અને કિરણકુમારે પણ સોજાજી અને આશાબેન પર છુટા પથ્થરોથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી મરીયમબેને ચારેય જણા વિરૂદ્ધ રવિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## ગાંધીના ગુજરાતમાં 'નારી નશામાં' : ધાનેરામાં મહિલાએ દારૂ પી તમાશો કર્યો

દારૂને લઈ અનેક પરિવાર બરબાદ થઈ રહ્યા છે અને અનેક યુવાધન દારૂના રવાડે ચડી તેમની જિંદગી બરબાદ કરી રહ્યા છે. ત્યારે તંત્ર અને પોલીસ ગુજરાતમાં બુમો પાડી પાડીને કહી રહ્યા છે કે ગાંધીના ગુજરાત માં દારૂ બંધ છે. આ દશ્યો જ બતાવે છે કે ગાંધી ગુજરાતમાં દારૂ બંધ છે કે પછી દારૂની રેલમછેલ છે. અત્યાર સુધી તો માત્ર યુવાનો અને પુરુષો જ દારૂ પિતા હતા પરંતુ હવે તો ગાંધીના ગુજરાત માં મહિલાઓ પણ દારૂના રવાડે ચડી રહી છે. વાત છે બનાસકાંઠા જિલ્લાના ધાનેરાની, કે ધાનેરા ગુજરાત



રાજસ્થાન સરહદ ઉપર આવેલો તાલુકો છે એક બાજુ પોલીસ અને તંત્ર દારૂ બંધીની મોટી મોટી બડાસ મારી રહ્યા છે ત્યારે ધાનેરામાં દારૂડિયાના ત્રાસથી લોકોનું જીવવું પણ મુશ્કેલ બની ગયું છે. ધાનેરાના જાહેર સ્થળો પર દારૂડિયા દારૂ પીને તમાશો મચાવે છે ત્યારે આજે ધાનેરાના એક રહેણાંક વિસ્તારમાં એક મહિલાએ દારૂ પીને તમાશો મચાવ્યો હતો જેને જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને આ મહિલા કલાકો સુધી આમ જ નાટક કર્યા હતા ત્યારે આજુ બાજુ ઉભેલા લોકોએ મહિલાનો તમામ કરતૂતો કેમેરામાં કેદ કર્યા હતા. સાથે સાથે તંત્ર સામે ફિટકાર પણ વરસાવ્યો હતો.

ગામના રહીશોનું કહેવું છે કે, બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાની કામગીરી થઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લા વાસીઓ ખુશ છે પરંતુ કેટલીક જગ્યા ઉપર આજે પણ દારૂનું ખુલ્લે આમ વેચાણ થઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

લોકો એવું પણ જણાવી રહ્યા છે કે ધાનેરામાં ચારેય બાજુ દારૂનું વેચાણ થઈ રહ્યું છે. તો શું પોલીસ આ બાબતથી અજાણ છે. તે એક મોટો સવાલ છે. ત્યારે લોકો કહી રહ્યા છે કે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા એક દિવસ ધાનેરાની ઓચિંતી મુલાકાત લે તો તમામ હકીકત સામે આવે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે ગાંધીનું ગુજરાત ક્યારે દારૂ મુક્ત બને છે.

## જીરાની ટ્રક પકડવાના મામલે બનાવટી જીએસટી અધિકારી પકડાયો

ઊંઝા, તા. ૨૫

વેપારી મથક ઊંઝાથી રૂપિયા ૧૫ લાખની કિંમતનો જીરાનો જથ્થો ભરીને ચૈન્નાઈ જતી ટ્રકને માર્ગમાં અમદાવાદ બોપલ બ્રિજ પાસે લોકરક્ષકે જી.એસ.ટી. અધિકારી તરીકે ખોટી ઓળખ આપી પોતાના મળતિયાઓ સાથે ટ્રકને અટકાવી કાર્યવાહી નહીં કરવાના બદલામાં રૂપિયા છ લાખની માંગણી કરી નાણાં લેવા માટે મહેસાણા આવતા ઊંઝા પોલીસે લોકરક્ષકને ઝડપી લઈ આ કૃત્યમાં સામેલ અન્ય શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિગત એવી છે કે ઊંઝા ગંજબજારમાં આવેલ મા એન્ટરપ્રાઈઝના મેનેજર સંજયકુમાર પ્રહલાદભાઈ પટેલે માલના ઓર્ડર મુજબ ટ્રક નંબર એપી. ૩૭.ટી.એફ. ૦૧૭૯માં રૂપિયા પંદર લાખની કિંમતના જીરાના ૩૦૦ કટ્ટા (નવ ટન માલ) દક્ષિણ ભારતના ચૈન્નાઈ શાહુકાર પેટે મોકલવા માટે રવાના કર્યા હતા. આ ટ્રક અમદાવાદના બોપલ વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી ત્યારે બોપલ બ્રિજની બાજુમાં રોડ પર અમદાવાદ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારીએ જી. એસ. ટી. અધિકારી તરીકે ખોટી ઓળખ આપી પોતાના મળતિયાઓ સાથે ટ્રકને રોકી હતી. બાદ ટ્રકચાલકે સંબંધિતને ઊંઝા જાણ કરતાં જીરાનો માલ મોકલનાર મા એન્ટરપ્રાઈઝના મેનેજરે ટ્રકચાલકનો ફોન પર સંપર્ક સાધીને કહેવાતા જી.એસ.ટી. અધિકારી સાથે વાત કરતા સામેથી રૂપિયા છ લાખની માગણી કરવામાં આવી હતી. જેથી નાણાં લેવા માટે મહેસાણા બોલાવીને ઊંઝા પોલીસને જાણ કરતાં મેનેજર અને પોલીસ ખાનગી વાહનમાં મહેસાણા પાલાવાસણા ચોકડી પર ગયા હતા. જયાં જી.એસ.ટી. અધિકારીના સ્વાંગમાં નાણાં લેવા માટે આવેલ શખ્સને પોલીસે ઝડપી લીધો હતો. ત્યારબાદ તેની પુછપરછ કરતાં તેનું સાચુ નામ જનકભાઈ ભોળાભાઈ ગમારા (ભરવાડ) અમદાવાદ પશ્ચિમ મહિલા પો.સ્ટે.માં લોકરક્ષક તરીકે નોકરી કરતો હોવાનું બહાર આવ્યું હતું. વધુમાં તેની સાથે સામેલ અન્ય મળતિયાઓ વિશેની હકિકત પણ મળી હતી.

ઉપરોક્ત બાબતે ઊંઝામાં એન્ટરપ્રાઈઝના મેનેજરે ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે જનકભાઈ ભોળાભાઈ ગમારા (ભરવાડ) લોકરક્ષક અમદાવાદ પશ્ચિમ મહિલા પો. સ્ટે., જેઠાભાઈ ભરવાડ રહે. ગોતા વિરૂદ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૮૪, ૩૪૧, ૧૭૦ તથા ૧૧૪ મુજબ ગુનો દાકલ કરી વધુ તપાસ આરંભી છે.

## હિંમતનગર પાલીકાનો ૩૧મી સુધીમાં ૭ કરોડ ટેક્ષ વસુલાતનો લક્ષ્યાંક

### હિંમતનગરમાં ૩૮ હજાર મિલકત ધારકો પોલાકીના ચોપડે નોંધાયા છે ટેક્ષ વસુલાત માટેની ઝુંબેશ ચાલુ

હિંમતનગર, તા. ૨૫

વર્ષ ૨૦૧૮નો નાણાંકીય વર્ષ આગામી તા. ૩૧ માર્ચના રોજ પૂર્ણ થવાનો છે ત્યારે તે પુર્વે હિંમતનગર પાલીકા દ્વારા મિલકતધારકો પાસેથી ટેક્ષ વસુલ કરવાની ઝુંબેશ ચલાવાઈ રહી છે. ત્યારે નગરપાલીકાને અત્યાર સુધીમાં રૂ. ૬.૫૦ કરોડની વસુલાત થવા પામી છે. જોકે પાલીકાએ માર્ચ મહીના અંત સુધીમાં રૂ. ૭ કરોડ વસુલવા માટેનો લક્ષ્યાંક રાખ્યો છે.

આ અંગે પાલીકાના ટેક્ષ વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરમાં રહેતા અંદાજે ૩૮ હજાર મિલકતધારકો નગરપાલીકા પાસેથી વિવિધ સેવાઓ મેળવે છે. જે બદલ નગરપાલીકા મિલકતધારકો પાસેથી દર વર્ષે ટેક્ષ વસુલે છે. જોકે ટેક્ષની વસુલાત માટે પાલીકાના ટેક્ષ વિભાગ દ્વારા મિલકત ધારકોને સમય મર્યાદામાં માંગણી બિલ મોકલવામાં આવે છે. તેમ છતાં શહેરના કેટલાક મિલકત ધારકો સેવાઓ મેળવતા હોવા છતા પાલીકાને ટેક્ષની રકમ ભરપાઈ કરવામાં આળશ દાખવે છે. જેના લીધે આ વર્ષે નગરપાલીકાએ ૫૦ થી વધુ મિલકતધારકોની મિલકતો સીલ કરી દીધી હતી. તેમજ કેટલાક બાકીદારોના નળ કનેક્શન કાપી નાખ્યા હતા. જેના લીધે તા. ૨૫ માર્ચમાં નગરપાલીકાને અંદાજે ૬.૫૦ કરોડ ટેક્ષની આવક થવા પામી છે. દરમ્યાન સોમવારે નગરપાલીકાએ ટેક્ષ વસુલાતની ઝુંબેશ ચાલુ રાખીને હિંમતનગરના હડીયોલ પુલ છાપરીયા વિસ્તારમાં આવેલ બે બાકીદારોના નળ કનેક્શન કાપી નાંખ્યા હતા. પાલીકાએ ૩૧મી માર્ચ સુધીમાં રૂ. ૭ કરોડની ટેક્ષ વસુલાત કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જેના માટે આગામી દિવસોમાં પણ નગરપાલીકા ટેક્ષ વસુલાતની ઝુંબેશને આગળ ધપાવશે.